# Right_Choise

અંક-૭ ડીસેમ્બર- ૨૦૧૩

CRC Saroda




વિશ્વાસ એક શબ્દ છે, તેને વાંચતા સેકંડ લાગે છે.. વિચારો તો મિનીટ લાગે છે.. સમજાવો તો દિવસ લાગે છે. પણ તેને સાબિત કરતા આખી ઝીંદગી લાગે છે.!!

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

The "Gyanpatra"

December 2013, Issue: 7

Right_Choise™
PUBLICATION
Sharing Ideas for Excellence in Primary Education

## માહિતી

પ્રકાશન : ૧ ડીસેમ્બર ૨૦૧૩.

પછીનો અંક: ૧ જાન્યુઆરી ૨૦૧૪

સંપાદક: જીગર પટેલ

પ્રકાશક: Right_Choise

The articles in this magazine are neither created nor re-viewed by us.Rightchoise will not be responsible for any kind of misuse of information given here.

Year: 1 | Issue:7

Pub ID: RC7DEC13

crc.khd.balasinor.saroda@gmail.com

All rights reserved

RightChoise Web services

# Editorial

## Two Words.....

Dream | Believe | Achieve

મિત્રો,

ગુજરાત સરકારે વર્ષ નવેમ્બર-ડીસેમ્બર ૨૦૧૩માં ખેલમહાકુંભ યોજવાનું નક્કી કર્યું છે. મુખ્ય ઉદ્દેશ છે. ૧.ખેલકૂદનું વાતાવરણ ઉભું કરવું, ૨.સ્વાસ્થ્યની જાગૃતિ, ૩.પ્રતિભાની શોધ.

થોમસ કર્લીલે લખ્યું છે કે,"અધકચરા નિર્ણય વાળો માનસ સીધા રસ્તે પણ આગળ-પાછળ, આડો-અવળો થતો રહે છે અને જરાય પ્રગતિ સાધી શકતો નથી. જયારે દ્રઢ સંકલ્પવાળો મનુષ્ય એકધારી ગતિથી આગળ વધતો રહે છે, પછી રસ્તો ભલેને ગમે તેટલો મુશ્કેલ ના હોય.?"

તારીખ ૩૦ નવેમ્બરના રોજ વનસ્પતિશાસ્ત્રના પિતામહ ગણાતા સર જગદીશચંદ્ર બોઝનો જન્મદિવસ હતો. આ અંકમાં આપણે તેમના જીવન વિષે ચર્ચા કરીશું.

જીવનમાં ઘણુંબધું મેળવ્યા પછી જો સંતોષ નથી તો બેચેની વધે છે. સુખ-શાંતિની શોધ પૂરી નથી થતી.એક પ્રશ્ન ઘૂમરાતો રહે છે કે શાંતિ કઇ રીતે મળે? સુખ-શાંતિને શોધવા જશો તો નહીં મળે. જીવનમાં જે નથી તેના તરફ ધ્યાન આપવાનું બંધ કરો.માત્ર ચીજવસ્તુના કિસ્સામાં જ નહીં લોકો, અનુભવો કે કોઇ અન્ય બાબતના કિસ્સામાં પણ આવું બની શકે છે.એમ કરતાં જે નથી તે વિષે નકારાત્મક વિચારો બંધ થઇ જશે.તમારી પાસે જે કાંઇ છે તે તરફ આભારની લાગણી અનુભવતા થશો તો ખુશીઓ દોડતી આવશે. ખુશ રહેવા તમારી પાસે આ છે.

નકારાત્મક વિચારોને બદલે તમે હકારાત્મક વિચારોને ચાલો. અને જે છે તેનાથી સંતોષ માનીને આગળ વધતા રહો અને વિચારો કે દુનિયાના ઘણા લોકો કરતા આપની પાસે ઉત્તમ છે.

આ પ્રસ્તુત અંકમાં આ વિષય પર National Ideation Room માંથી એક લેખ અનુવાદ કરીને મુક્યો છે. જે આપ સૌને વાંચવો અચૂક ગમશે.

મિત્રો, આ પ્રતની ઈ-કોપી મેળવવા આપ અમારા ઈ-મેઈલ પર એક મેઈલ ડ્રોપ કરી શકો છો. આપની કોમેન્ટ્સ પણ આવકાર્ય છે. આપ ફેસબુક પેજ કે Tweeter પર પણ ટીપ્પણી કરી શકો છો.

આવતા અંકમાં બીજી માહિતીના ખજાના સાથે ફરીથી મળીશું.

*Jigar M Patel*

**CRC Co. Saroda**

**(Balasinor)**




## @ This December

| | |
|---|---|
| ૧ | બી.એસ.એફ. સ્થાપના દિન, એઇડ્સ દિન |
| ૩ | વિશ્વ વિકલાંગ દિન |
| ૪ | નૌસેના દિન |
| ૬ | નાગરિક સુરક્ષા દિન |
| ૧૦ | વિશ્વ માનવ અધિકાર દિન |
| ૧૫ | સરદાર પટેલ પુણ્યતિથી |
| ૨૪ | રાષ્ટ્રીય ગ્રાહક દિન |

## ભારત રત્ન

**ભારત રત્ન** ભારત દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન પુરસ્કાર છે. આ પુરસ્કાર રાષ્ટ્રની સેવા બદલ એનાયત કરવામાં આવે છે. આ સેવાઓમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન અથવા સાર્વજનિક ક્ષેત્રે આપેલી સેવાઓનો સમાવેશ થાય છે. આ પુરસ્કારની સ્થાપના ૨ જાન્યુઆરી ૧૯૫૪ એ સમયના રાષ્ટ્રપતિ શ્રી ડો.રાજેન્દ્ર પ્રસાદ દ્વારા કરવામાં આવી હતી. આ પુરસ્કાર વડે સન્માનિત વ્યક્તિ પોતાના નામ આગળ કોઇ પદવી લખતા નથી. શરુઆતમાં આ પુરસ્કારને મરણોપરાંત આપવાની જોગવાઇ ન હતી, પરંતુ પાછળથી આ જોગવાઇ ૧૯૫૫ માં કરવામાં આવી હતી. ત્યારબાદ આ પુરસ્કાર ૧૧ વ્યક્તિઓને મરણોપરાંત પ્રદાન કરવામાં આવ્યો છે

### સચિન તેન્ડુલકર



ક્રિકેટનો પર્યાય બની ગયેલા સચિન રમેશ તેંદુલકરનો જન્મ ૨૪ એપ્રિલ ૧૯૭૩ ના દિવસે મુંબઈમાં થયો. તેંડુલકરે વર્ચસ્વ છેદ્યું છે: તે બેટિંગ, બોલિંગ અને થ્રો તેના જમણા હાથ થી પણ લેખન તેના ડાબા હાથ સાથે કરે છે. તેમણે પદ્મવિભૂષણ,૨૦૦૮, મહારાષ્ટ્ર ભૂષણ,૨૦૦૧, પદ્મ શ્રી, ૧૯૯૯, રાજીવ ગાંધી ખેલ રત્ન,૯૭-૯૮, અર્જુન એવોર્ડ,૧૯૯૪ જેવા એવોર્ડ્સ મેળવેલ છે.

***"If cricket is religion, Sachin is God."***

ભારત સરકારે સચિનને પણ "ભારતરત્ન" એવોર્ડ આપવાની ઘોષણા કરી છે.

### સી.એન.આર. રાવ



'નાગેસા રામચંદ્ર રાવનો જન્મ ૩૦ જુન ૧૯૩૪ ના રોજ થયો. તે ભારતના રસાયણશાસ્ત્રી છે. તેમણે સોલીડ-સ્ટેટ તથા સ્ટ્રક્ચરલ કેમિસ્ટ્રી ( માળખાકીય રસાયણ વિજ્ઞાન ના ક્ષેત્રમાં પ્રસંશનીય કામગીરી કરી છે.હાલમાં તેઓ પ્રધાન મંત્રીની વૈજ્ઞાનિક સલાહ-સુચન સમિતિના હેડ તરીકે સેવા આપી રહ્યા છે.૨૦૧૪ ના વર્ષ માટે ભારત સરકારે આ સંશોધનો માટે "ભારતરત્ન" એવોર્ડ આપવાની ઘોષણા કરી છે.

# ખેલ મહાકુંભ ૨૦૧૩



રમશે ગુજરાત જીતશે ગુજરાત........

ખેલ મહાકુંભનું આયોજન રમતગમત ક્ષેત્રનો પણ વિકાસ થાય, લોકો સાથે તાદાત્મ્ય ઉભુ થાય, રમતગમતનો સાર્વત્રિક માહોલ ઉપલબ્ધ થાય જેને પરિણામે લાંબાગાળે રાજયનું ગૌરવ વધારે તેવી પ્રતિભાવોનું સર્જન થાય તે માટે કરવામાં આવે છે.

જીવનમાં રમતગમતનું મહત્વ ઘણું છે. આપણા સ્વામી વિવેકાનંદ કહેતા કે,"જો મારી પાસે એક કલાકનો સમય હોય અને મને ફૂટબોલ અને ગીતા સારમાંથી કોઈ એક પસંદ કરવાનું કહે તો હું ફૂટબોલ રમવાનું પસંદ કરીશ."

યોજાયેલ ખેલમહાકુંભમાં સરોડા ક્લસ્ટરની પ્રાથમિક શાળા વેરાસાની કુમાર અને કન્યા ખો-ખો ટીમે વિજય મેળવ્યો હતો. આ માટે તેમના કોચ અને માર્ગદર્શક શિક્ષક શ્રી સોમાભાઈ પરમારને સી.આર.સી સરોડા તરફથી ખુબ ખુબ અભિનંદન.








*"Life is more fun if you play games."*

# Congratulations…!!!!



'અત્રેનાં જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,કઠલાલના પ્રાચાર્યશ્રી એમ.પી .મહેતા સાહેબશ્રી ને વડોદરા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકેની નિમણુક બદલ સી.આર.સી,સરોડા તથા *Right_Choise®* પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન !!!

પરંતુ સાથે સાથે આપના જેવા હર હમેંશ અમારા પથદર્શક અધિકારી સાહેબની અમોને ખુબ જ ખોટ સાલશે.

## વ્યક્તિ વિશેષ….



જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમમાં જીવ છે એ સાબિત કરીને એવાં યંત્રો બનાવ્યાં હતા જે વૃક્ષના એક ઈંચના લાખમાં ભાગ જેટલી વૃદ્ધિને પણ જાણી શકતાં હતાં. આ સંશોધન શરીર વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, કૃષિ અને ચિકિત્સા શાસ્ત્રમાં ખૂબ જ કામ લાગ્યું છે. લંડનની રોયલ સોસાયટી તેના નિયમ મુજબ એક મહાનુભાવને એક જ વાર વ્યાખ્યાતા તરીકે આમંત્રણ આપે છે, પરંતુ જગદીશચંદ્ર બોઝ એવા પ્રથમ વૈજ્ઞાનિક હતા જેમને આ સોસાયટીએ ત્રણ વાર બોલાવ્યા હતા. બ્રિટીશ સરકારે તેમને 'કમાંડર ઓફ ધ ઈન્ડિયન અમ્પાયર' તથા 'નાઈટ'ની ઉપાધીથી નવાજ્યા હતા.

## સંકલન બેઠક



સી.આર.સી,સરોડા હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓના આચાર્યશ્રીની તારીખ ૨૨/૧૧/૨૦૧૩ ના રોજ એક સંકલન બેઠક યોજવામાં આવી. જેમાં દ્વિતીય સત્રના શૈક્ષણિક આયોજન ,અમલીકરણ અને શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ માટે જરૂરી ચર્ચા કરવામાં આવી .ઉપરાંત ખેલ મહાકુંભ અંતર્ગત શાળા કક્ષાએ યો જાનાર વિવિધ સ્પર્ધાઓના આયોજન અને તેમાં મહત્તમ બાળકો ભાગ લે તે બાબતે ચર્ચા કરવામાં આવી .

## Connect With us…….

/@crcsaroda    /rightchoise    /rightchoise    /rightchoise

**જે પણ આરોગો તે બદલ આભાર માનો.**

નાસ્તા સહીત જે કઈ આરોગો તે બદલ આભારની લાગણી વ્યક્ત કરો. આજે ભૂખ લાગે છે, તમારી પાસે ભોજન માટે કૈંક તો હોય છે. તે બદલ આભાર માનો. એ લોકો વિષે વિચારો કે જેઓ તે બધું ઉપલબ્ધ કરાવે છે.

**પગે ચાલવાની જરૂર પડતી નથી.**

તમે ખુશ કિસ્મત છો કે તમારી પાસે સાઈકલ, બીક કે ખિસ્સામાં એટલા નાણા છે કે જાહેર પરિવહન સેવાનો પણ ઉપયોગ કરી શકો છો. એ વાતે આભાર માનો કે પગે ચાલવા કરતા બીજા વિકલ્પ પણ તમારી પાસે છે.

**સુવા માટે આરામદાયક પથારી**

દિવસભર કામ કર્યા પછી થાકેલા તેમે ઘેર પાછા ફરો છો. પથારીમાં આરામ કરતાં કેટલું ઝડપથી ભૂલી જાઓ છો કે તેના વિના તમે કેટલી મુશ્કેલી અનુભવત. આ વિશ્વમાં એવા હજારો લોકો છે જેમની પાસે પથારી પણ નથી હોતો હવે તમે જયારે પથારી પાસે પહોંચો એ સેકંડ એ વાતનો અહેસાસ કરો કે તે પથારી કેટલી સુવાળી અને આરામદાયક છે. આભાર માનો, આંખો બંધ કરીને વિચારો કે તમે સૌથી સારી પથારીમાં સુઈ રહ્યા છો.

**શ્વાસ માટે પ્રાણવાયુ**

વિશ્વમાં સૌથી વધુ શ્વાસ જરૂરી છે. પણ આપણને તેનું મુલ્ય નથી. પ્રાણવાયું નાં મળે તો જીવવું મુશ્કેલ છે. મંદ અને ઊંડા શ્વાસ લો. કોઈકે સાચે જ કહ્યું છે કે પ્રાણવાયુ વિષે આપણે ત્યાં સુધી નથી વિચારતા જ્યાં સુધી તે નથી હોતો.

## ચાલો ટેકનોલોજી સમજીએ.......

રેસ્ટોરાંમાં અને પાન-બીડીની દુકાન પર પણ સામાન્ય લાગતા લોકો મોબાઇલ ફોનથી વાતચીત કરતા જોવા મળે છે; પરંતુ એ ખરેખર કઈ રીતે કાર્ય કરે છે, વાયર ન હોવા છતાં દૂર-દૂરના ખૂણે-ખાંચરેના વિસ્તાર સુધી પણ સંદેશો કઈ રીતે પહોંચી શકે છે, એની આંતરિક અને બાહ્ય રચના કેવી હોય છે અને વાતચીત કરવા ઉપરાંત અન્ય કયા-કયા ઉપયોગ છે.

૧૯૦૬ની ૨૯ એપ્રિલે અમેરિકાના ચાર્લ્સ. ઈ. એલ્ડન નામના ટેક્નિશ્યને વિશ્વનો સૌપ્રથમ મોબાઇલ ફોન બનાવ્યો અને સમય જતાં એમાં ફેરફાર થતા ગયા. મૂળભૂત રીતે તો મોબાઇલ ફોન સેલ્યુલર સિસ્ટમના આધારે કાર્ય કરે છે. આ સેલ્યુલર સિસ્ટમથી જે-તે શહેરને નાના-નાના સેલ (વિભાગ)માં વહેંચી દેવામાં આવે છે. પરિણામે આખા શહેરમાં શક્તિશાળી ફ્રીક્વન્સીનો ઉપયોગ થઈ શકે છે, જેની મદદથી એકસાથે હજારો લોકો સેલફોનનો ઉપયોગ કરી શકે છે. આવી સેલ્યુલર સિસ્ટમને કારણે જ આ સાધનને સેલફોન પણ કહેવાય છે.

સેલફોનની સર્વિસ માટે નાના કે મોટા શહેરમાં બેઝ-સ્ટેશન હોય છે. એમાં એક ટાવર સાથે નાનકડું બિલ્ડિંગ પણ હોય છે, જેમાં રેડિયો ટેક્નૉલૉજીનાં સાધનો હોય છે. હવે નાનકડો સેલફોન કઈ રીતે કાર્ય કરે છે એની વિગતો જાણીએ. સેલફોનની કાર્યપ્રણાલીને સફળ, સરળ અને ઝડપી બનાવવા માટે ભારતની અંતરીક્ષ સંશોધન સંસ્થા ઈસરોએ આકાશમાં ૩૬,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ કમ્યુનિકેશન સૅટેલાઇટ્સ તરતી મૂકી છે.

Cont......

એક ઉદાહરણ લઈએ. મુંબઈના સાગર મહેતા નામના બિઝનેસ મૅનેજરે તેમની કંપનીના દિલ્હીના મૅનેજર જયકિશન ખન્નાને મોબાઇલ ફોન કર્યો. મુંબઈથી વહેતો થયેલો એ સંદેશો અધ્ધર આકાશમાં ૩૬,૦૦૦ કિલોમીટરના અંતરે તરતી કમ્યુનિકેશન સૅટેલાઇટને મળે. સૅટેલાઈટ તરત જ એ સંદેશો પૃથ્વી પર આખા ભારતમાં પાછો મોકલે. ત્યાર બાદ એ મેસેજ જે-તે મોબાઇલ કંપનીનાં ભારતમાંનાં તમામ કેન્દ્રોને મળે. જોકે સાગર મહેતાનો પેલો મેસેજ ફક્ત દિલ્હીનો હોવાથી દેશનાં બાકીનાં સેન્ટર્સ એ સંદેશાને કૅન્સલ કરીને ફક્ત દિલ્હીને રવાના કરી દે. આટલી પ્રક્રિયા બાદ સાગર મહેતાનો મેસેજ ફક્ત દિલ્હી પર આવે એટલે દિલ્હીનાં બધાં કેન્દ્રોમાંનાં સાધનો એ સંદેશાને ઓળખીને દિલ્હીના ચોક્કસ વિસ્તારમાંના નિશ્ચિત સેલફોનને મોકલી દે. છેવટે મુંબઈથી રવાના થયેલો સાગર મહેતાનો મેસેજ દિલ્હીના જયકિશન ખન્નાને મળી જાય અને બન્ને વચ્ચે વાતચીત શરૂ થાય. જોકે કોઈ ચોક્કસ વ્યક્તિને મોબાઇલ મેસેજ આપવાની આ સમગ્ર પ્રક્રિયામાં એ મેસેજની સાંકેતિક ભાષાને ઉકેલી નાખવામાં આવે. આવી ટેક્નિકલ પ્રક્રિયાને કારણે કોઈ એક ચોક્કસ સેલફોનનો મેસેજ સામી વ્યક્તિને મળતાં થોડીક વધુ ક્ષણો પસાર થઈ જાય છે. ક્યારેક તો સેલફોનનો મેસેજ ન પકડાય એવું પણ બને. મેસેજ ન પકડાવાનું કારણ એ હોય છે કે વાતાવરણ વાદળિયું હોય, વરસાદ વરસતો હોય કે પછી વાવાઝોડું ફૂંકાઈ રહ્યું હોય તો મોબાઇલ ફોનની સમગ્ર સર્વિસમાં ઘણા અવરોધો સર્જાય અને પરિણામે કમ્યુનિકેશન ન થઈ શકે.

શિક્ષકમિત્રો તથા આચાર્યમિત્રો આપની શાળામાં થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા અન્ય કોઈ પણ માહિતી આપ ઈ-મેઈલ દ્વારા મોકલી શકો છો. આપની પાસે ઈન્ટરનેટ કનેક્શન ન હોય તો આપ આ માહિતી રૂબરૂ પેન ડ્રાઈવમાં સ્કુલ વિઝીટ વખતે પણ આપી શકો છો. આ માહિતી દરેક માસની ૨૫ તારીખ સુધી મળી જાય એ રીતે કરશો.

## એક દિવસીય તાલીમનું આયોજન

તારીખ ૭/૧૨/૨૦૧૩ ના રોજ એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમના

સંભવિત મુદ્દા :--

- દ્વિતીય સત્ર પાઠ્યક્રમ આયોજન અને વિષયવાર તાસ ફાળવણી,
- કઠીન મુદ્દાની તારવણી,
- તેના સરલીકરણ માટેની રીતો અને પ્રવૃત્તિ,
- સંદર્ભ સાહિત્ય
- ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળા-બાળકને ગુણવત્તા સભર બનાવવા મંતવ્યો.

આ મીટીંગના live streamingનું આયોજન કરેલ છે. ટેકનીકલ કારણોસર જો ન થઇ શકે તો તે અમારી YouTube ચેનલ પરથી નિહાળી શકાશે.

# *Live Long.....*

આપણા સી.આર.સી સરોડા ક્લસ્ટરની પ્રાથમિક શાળા કરણપુરમાંથી આચાર્ય શ્રી ચૌહાણ રમણભાઈ જી.,ગજાપગી પ્રાથમિક શાળામાંથી વણકર મંગળભાઈ ટી. અને ફેલસાણી પે.સેન્ટરમાંથી સોલંકી રમેશભાઈ કે. તારીખ ૩૧/૧૦/૧૩ ના રોજ વય નિવૃત્ત થયેલ છે.

તો તેઓનું બાકીનું જીવન સુખમય, નિરોગી અને આનંદદાયી નીવડે એવી સમગ્ર ક્લસ્ટર તરફથી પ્રભુને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના.....

## The Editorial Team

CRC Saroda

Saroda | Karanpur | Dakhariya | Fefariya | Bhathiji na muvada | Bhogiya Kinari | Verasa | Felsani |Gajapagi Na Muvada Rajanpur | Garasiya Na Muvada | Vachla Muvada |Upadiya | Kanera


જીગર એમ.પટેલ

સી.આર.સી. સરોડા

તાલુકો:બાલાસિનોર

જીલ્લો:ખેડા


**To,**

______________________________

______________________________

______________________________

*You are Always Welcome to ........*

**Cluster Resource Center, Saroda**

**Saroda Village,Balasinor Di:Kheda (Gujarat)**

Right Choise™ PUBLICATION
Sharing Ideas for Excellence in Primary Education

Send us your feedback on
crc.khd.balasinor.saroda@gmail.com